**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૯/૧૦/૨૦૧૭ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૮૭/૧૭**

**"અમદાવાદ શહેર વસ્ત્રાપુર વિસ્તારમાં બનેલ વૃધ્ધ મહિલાનું લુંટ વિથ મર્ડરનાં ગુનાનો વોન્ટેડ આરોપીને અસલ મુદામાલસાથે પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ**

અમદાવાદ શહેરમાં તાજેતરમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશ્ન વિસ્તારમાં રહેતા સિનિયર સિટીજન મહિલાનાં ખૂન સાથે લુંટનાં ગુનો બનવા પામેલ જે ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ ગુના બાબતે તપાસ કરી આરોપીઓને શોધી કાઢવા સારું પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન અને સુચના મુજબ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી તથા ટીમના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એમ.પટેલ નાઓએ સ્ટાફના માણસો સાથે ગુનાવાળી જગ્યા તથા તેની આજુબાજુના આવેલ વિસ્તારનાં મુખ્ય સીસીટીવી ફૂટેજ મેળવી તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં અલગ અલગ જગ્યાના સીસીટીવી ફૂટેજ મેળવતા ફૂટેજમાં એક લાલકલરનું હિરો હોન્ડા સ્પ્લેન્ડર તેના ઉપર સ્પીડ લખેલ તથા એક કાળા કલરનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર નાં આગળનાં ભાગે કેજીએન ૭૮૬ લખેલ મોટર સાયકલ ઉપર બેસેલ ચાર ઇસમો શંકાસ્પદ જણાતા આ શંકાસ્પદ બન્ને મોટર સાયકલ તથા ચાર ઇસમો બાબતે ખાનગી બાતમી દારો મારફતે તપાસ કરાવાત સ્ટાફના પો.કો.મનીષભાઈ નારણભાઈ તથા પો.કો. રાકેશસિંહ રામવીરસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે આ લુંટ વિથ મર્ડરનાં ગુનામાં સંડોવાયેલા ચારેય ઇસમો પૈકી ત્રણ ઇસમો ઉપરોક્ત બન્ને મોટર સાયકલ લઈ રામોલ ગામ તરફથી આવી જનતાનગર તલાવડી થઇ સીટીએમ ચાર રસ્તા તરફ જનાર હોવાની આધારભૂત બાતમી આધારે ત્રણેય ઇસમોને જનતાનગર તલાવડી પાસેથી લુંટ વિથ મર્ડરમાં ઉપયોગમાં લીધેલ બંને મોટર સાયકલ સાથે પકડી પાડતા જેમાં (૧) મહમદસમીરઉર્ફે છીપા યાકુબભાઈ જાતે રંગરેજ(છીપા) ઉ.વ ૨૬ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ રહે મનં.૧૪૫૧ સુરતી સોસાયટી જનતાનગર રામોલ રોડ અમદાવાદ (૨) મહેબુબ ઉર્ફે સમીર ઉર્ફે બાબા સ/ઓ કરીમભાઈ શેખ ઉ.વ ૨૭ ધંધો ડ્રાઈવિંગ રહે તલાવડીના છાપરા જનતાનગર ગૌશાળાની સામે રામોલ અમદાવાદ (૩) સમશેર ઉર્ફે કાળુંભાઈ ખાજાહુશેન સૈયદ ઉ.વ ૩૮ ધંધો ગેરેજ કામ રહે બ્લોક નંબર૮૩ મકાન નંબર ૧૩૯૧ સુન્દરમનગર ગુજરાત બોટલિંગની પાછળ રખિયાલ રોડ નુરાની મસ્જીદ સામે બાપુનગર અમદાવાદ નાને તા.૨૪/૧૦/૧૭ નાં કલાક ૧૫/૩૦ વાગે પકડી પાડવામાં આવેલ જેઓને ગુના સંબંધે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

ત્યારબાદ જે ચાર આરોપી પૈકી વોન્ટેડ આરોપી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનાં ખૂન વીથ લુંટનાં ગુનામાં નાસતો ફરતો હોય જે આરોપીની આજરોજ પોકો.મનીષભાઈ નારણભાઈ ને બાતમી હકિકત મળેલ કે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનાં ખૂન વીથ લુંટનો આરોપી આજરોજ પોતાની પાસે લુંટનાં સોનાના દાગીના લઇ રામોલ વેરા ઉપર મહાદેવ એસ્ટેટ જવાના નાકા વાળા રોડ ઉપર જનાર હોય જે બાતમી આધારે આરોપી મહંમદશહેજાદ ઉર્ફે સૈજુ મહંમદજીન્હા પઠાણ ઉવ ૨૫ રહે મ.નં.બી/૩૫ જશનગર જનતાનગર રામોલ રોડ રામોલ અમદાવાદનાનો ખૂન વીથ લુંટનાં મુદામાલ મંગલસૂત્ર તથા મોટી બંગડી નંગ-૨ તથા નાની બંગડી નંગ-૨ ની કુલ્લે કિમત રૂપિયા ૨૦,૪૦૦૦/-ની સાથે મળી આવેલ હોય જેની પૂછપરછ દરમ્યાન પોતે પટના અગાઉ પકડાયેલ મિત્રો સાથે વૃધ્ધ મહિલાનું ખૂન કરી લુટ કારેલાનું જણાવેલ હોય જેની પાસેથી મળી આવેલ મુદામાલ કબજે કરી આગળની કાર્યવાહી ચાલુ છે.

## અમદાવાદ શહેર તથા સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાંથી વાહનો ની ચોરીઓ કરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર સંયુકતપોલીસ કમિશનર ક્રાઇમ શ્રી જે.કે.ભટ્ટ સાહેબનાઓ તરફ થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલના પો.ઇન્સશ્રી ની રાહબરી હેઠળ ટીમ ના માણસો સાથે મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપી મહેશભાઇ જીવાભાઇ પાચાલ ઉ.વ.૨૯ રહેવાસી. રોહીતદાસની ચાલી દબાણ ગોડાઉન ખોડીયારનગર બહેરામપુરા અમદાવાદ શહેર નાને બજાજ પલ્સર જી.જે.૨૭.બીકે.૮૧૦૮ સાથે અટકાવી તપાસ કરતા આ વાહન ચોરી નું હોવાનું જણાય આવેલ છે, જે સબંધે વધુ તપાસ કરતાં ઉપરોકત આરોપી પાસેથી હીરો હોન્ડા સીડી ડીલક્ષ તથા ટીવીએસ મેક્ષ સુઝીકી મો.સા તથા ઓપો કંપની નો મોબાઇલ ફોન મળી આવેલ છે. જે સંબંધેતપાસ કરતા ઉપરોકત આરોપીએ દિવાળી ના તહેવારો ના દિવસો મા અમદાવાદ શહેર તથા સુરેન્દ્રનગર ગામ સુદામડા માં થી નીચે મુજબના વાહનો ની ચોરી કરેલ છે.

(1) **દાણીલીમડા પોલીસ સ્ટેશન** ફ. ૧૪૦/૧૭ ઇ.પી.કો. કલમ 379 બજાજ પલ્સર જી.જે.૨૭.બીકે.૮૧૦૮ ચોરી નો ગુનો ડીટેકટ થાય છે.

(2) **વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન** ફ. ૧૬૮/૧૭ ઇ.પી.કો. કલમ 379 હીરો હોન્ડા સીડી ડીલક્ષ મો.સા જેની આગળ પાછળ નંબરનથી જેનો એ.નં. ૩૯૬૫૨ તથા ચે.નં. ૩૯૫૨૭ નો લખેલ વંચાય છે. જે ગુનો ડીટેકટ થાય છે.

(3) **સાયલા પો.સ્ટે** ની હદ ગામ. સુદામડા ખાતે થી ગઇ દિવાળીના તહેવારો મા ટીવીએસ મેક્ષ સુઝુકી જેની આગળ પાછળ આર.ટી.ઓ નંબરનથી જેનો એ.નં. ૪૭૪૬૨૨ તથા ચે.નં. ૪૧૮૬૬૬ નો લખેલ વંચાય છે જે ચોરી કરેલા નુ જણાવેલ છે.

## **એક્ટીવાના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી વણશોધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી.ક્રાઇમનેલગતાહેડનીકામગીરીકરવાતથામિલકત સબંધી બનેલ ગુનાઓ શોધીકાઢવાતથાબનતાગુનાઅટકાવવાસુચના કરેલ જે અનુસંધાનેએસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રીવી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલાનાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાનપો.કો.નિશારઅહેમદ ઉસ્માનમીયાં તથા પોકો. કેતન રાજેન્દ્રકુમારનાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ તપાસ કરી જુહાપુરા અંબર ટાવર પાસેથી શાહરુખ ઉર્ફે ડુચો s/o મુખ્યત્યારઅહેમદ મન્સુરી ઉવ૨૨ ધંધોઃમજુરી રહે, મ.નં.૧૯, મિનેષનગર સોસાયટી, હાજીબાવા દરગાહની પાછળ, સોનલ ચાર રસ્તા પાસે, સરખેજ, અમદાવાદ શહેરને એક્ટીવા સાથે ઝડપી લેવામાં આવેલ. બાબતે તેની પુછપરછ કરતાં આજથી આશરે વીસેક દિવસ પહેલા તેણે તથા તેનો મિત્ર આમીર નાઓ સવારના સમયે સાણંદ સર્કલ બાજુ ગયેલા અને ત્યાં સર્વિસ રોડ ઉપર વિશ્વકર્મા ટુર્સ સામે એક એક્ટીવા પડેલ હોય તેની ચોરી કરેલાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે તપાસ કરાવતાં સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૪/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય એક્ટીવા કિ.રૂ.૪૦,૦૦૦/- ની ગણી મુદ્દામાલસીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને આજરોજ તા.૨૯/૧૦/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ સરખેજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## અમરાઈવાડી પોલીસ સ્ટેશન

અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર નાઓ તરફથી રાખેલ કોમ્બીંગ દરમ્યાન અમો તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.એસ.આર.બાવા તથા સ્ટાફના માણસોએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૨,૩૯૫,૩૩૭,૪૨૭ મુજબના કામે દોઢ માસ ઉપરથી ભાગતા ફરતા આરોપી <u>**યોગેશ સ/ઓ રવિભાઇ હરવિલાસ પાલ**</u> ઉ.વ.૨૦ રહેવાસી મ.નં.૬ મુળજી શેઠની ચાલી મહાકાળી મંદીર પાસે રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ કરીલગઢ તા.જી.ઇટાવા ઉત્તરપ્રદેશ નાને આજ રોજ <u>**તા.૨૯.૧૦.૨૦૧૭ ના કલાક ૦૦.૧૫ વાગે**</u> અટક કરેલ છે તથા અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૩૮/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૪, ૪૫૨, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના કામના ૧૩ દિવસથી ભાગતા ફરતા આરોપી નં.(૧) <u>**અર્જુન સ/ઓ જગદીશભાઇ મુરગેશભાઇ મુદલીયાર**</u> (મદ્રાસી) ઉ.વ.૨૨ રહેવાસી ચતુરભાઇની ચાલી મોદીનગર જોગેશ્વરી રોડ અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ કુરુકપેક્ટ્ઇ પોંડીચેરી તામીલનાડુ નં.(૨) <u>**નિતેશ ઉર્ફે નિખીલ ઉર્ફે કાન્યો સ/ઓ હર્ષદભાઇ રામજીભાઇ વાઘેલા**</u> ઉ.વ.૩૧ રહેવાસી મ.નં.૧૧ ત્રિપદા એપાર્ટમેન્ટ હરીપુરા ધીરજ હાઉસીંગ ખોખરા અમદાવાદ શહેર મુળ વતન ગામ વાંચ તા.દસક્રોઇ જી.અમદાવાદ નાઓને અમરાઇવાડી જોગેશ્વરી રોડ ઉપરથી પકડી પાડી ગુનાના કામે આજ રોજ તા.૨૯.૧૦.૨૦૧૭ ના કલાક ૦૧.૧૫ વાગે અટક કરેલ છે અને આગળની જરુરી કાર્યવાહી ચાલુ છે.તા.૨૯.૧૦.૨૦૧૭

## પાલડી પોલીસ સ્ટેશન

ફોર વ્હીલ કારની ચોરી કરતા ઇસમો ને પકડી કીમત રૂ.૫,૫૦,૦૦૦ ની હુંડાઇ એકસન્ટ કાર કબજે કરી ગુનાનો ભેદ ઉકેલતી પાલડી પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધીકારી શ્રી નાઓ તરફથી મળેલ સુચના તમજ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.એસ.રબારી સા. નાઓએ હાલમા આગામી વિધાનસભાની ચુટણી અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા બનતા ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટે સુચના કરેલ હોઇ જે આધારે અમો તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન કલાક ૨૨/૫૦ વાગે મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસે આવતા અમારી બાતમી હકીકત આધારે પાલડી પોસ્ટે ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૧/૨૦૧૭ આઇ.પી.સી.૩૭૯,૧૧૪ મુજબના ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ (૧) જલવીર નીલેશભાઇ મકવાણા ઉ.વ.૨૩ રહે.બી/૨/૫ દેવાશ ફ્લેટ રજવાડુ હોટલની નજીક વેજલપુર અમદાવાદ (૨) જીત રાજેશભાઇ રાવલ ઉ.વ.૧૯ રહે-૧૧ વિશ્વામિત્રી સોસાયટી જૈન દેરાસર સામે જીવરાજ પાર્ક વેજલપુર અમદાવાદ (૩) અનિલ ઉર્ફે ધમો મનુભાઇ જાતે-નાયક ઉ.વ-૨૧ રહે-નાયકવાસ ગામ-વિરપુરા તા-સાણંદ જી- અમદાવાદ નાઓની પાસેથી ચોરીમા ગયેલ હુન્ડાઇ એક્ષેન્ટ કાર નં. GJ-01-FT-0812 ની કિંમત રુપિયા ૫,૫૦,૦૦૦/-ની રીકવર કરેલ છે અને આરોપીઓને તા-૨૮/૧૦/૨૦૧૭ ના કલાક ૨૩/30 વાગે પકડી આટક કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

## <u>નારોલ પોલીસ સ્ટેશન</u>

નારોલ પોલીસ સ્ટેશન સેક્ન્ડ ગુ.ર.ન.૩૦૧૪/૧૭ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબના કામે હકીકત એવી છે કે આ કામે ખાનગી રાહે બાતમી હકીકત મળેલી કે આકાશ મેટ્રો સીટી સામે ખાંચામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો લાઇટનાં અજવાળે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે. જે બાતમી હકીકત આધારે મ.સ.ઇ. વિક્રમસિંહ અમરસિંહ તથા સર્વેલંન્સ સ્કોડના માણસો સાથે સદરી જગ્યાએ રેડ કરી કુલ પાંચ ઇસમોને પકડી લીધેલ અને પકડાયેલ ઇસમો નામો (૧) પિંટુભાઇ નાગજીભાઇ કલથીયા ઉ.વ.૩૨ રહેવાસી-પ્લોટ નં-૬૮/૧ વેરાહી પાર્ક સોસાયટી મોની હોટલનાં ખાંચામાં નારોલ અમદાવાદ શહેર નં-(૨) સંજયભાઇ રમણભાઇ ઠાકોર ઉ.વ.૩૫ રહે-સદર નાનું હોવાનુ જણાવેલ તથા નં-(૩) રવીભાઇ અશોકભાઇ યાદવ ઉ.વ.૨૮ રહીવાસી- મ.નં.૪૨ સોહાંગ રેસીડંસી સ્વાગ મીલ પાસે આકાશ મેટ્રો સીટી પાસે નારોલ અમદાવાદ શહેર તથા નં-(૪) મહેશભાઇ રમેશભાઇ લીંબાચીયા ઉ.વ.૩૫ રહેવાસી-બી/૨૭ સંકેત ટેનામેંટ મોની હોટલનાં ખાંચામાં હરીદર્શન સોસા. સામે નારોલ અમદાવાદ શહેર તથા નં-(૫) મીથુનભાઇ પોકરભાઇ સક્કરવાલા ઉ.વ.૨૪ રહેવાસી-૧૩૪ નમ્રતા સોસાયટી નારોલ વટવા રોડ નારોલ અમદાવાદ શહેર નાઓ પકડાય ગયેલ અને પકડાયેલ ઇસમો પાસે થી કુલ્લે રૂ.૨૧,૧૭૦/- નો મુદામાલ મળી આવતા પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ છે.. તેઓ તમામ વિરૂધ્ધ ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસર ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. અને આગળની તપાસ હાલ ચાલું છે.

## સરદારનગર પોલીસ સ્ટેશન

### પ્રેસનોટ

**જુગારનો ગણનાપાત્ર કેશ**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓ તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા તથા પ્રો.પો.સ.ઇ ડી.કે.મોરી તથા તથા અ.હે.કો. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં.૭૫૫૦ તથા અ.પો.કો પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ..ન.૪૮૯૭ તથા અ.પો.કો દર્શનસિંહ પ્રવિણસિંહ બ.નં.૬૧૫૬ અ.પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન. ૩૧૨૯ તથા અ.પો.કો સંદીપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા અ.પો.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા સ્ટાફના માણસો સાથે કુબેરનગર ચોકી વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ક:૧૯/૦૦ વાગે કુબેરનગર બંગલા એરીયા સતનામ બાબા દરબારની પાસે આવતા આવતા સાથેના અ.પો.કો પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ તથા અ.પો.કો દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે કુબેરનગર "એ" વોર્ડ ન્યુ બંગલા એરીયા સતનામ બાબા દરબારની પાસે મ.નં. સી/૬૩ માં કેટલાક ઇસમો પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે જે હકીકત આધારે જુગાર અંગે ના રેડ નુ વોરંટ નં.-૫૯૫/૧૭નુ મેળવી બે પંચોના માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેડ કરતા સદરીના મકાનમાંથી નં.(૧)રતનભાઇ સ/ઓ મુરલીધર દોલતાણી ઉ.વ.૫૬ રહેવાસી:મ.નં.સી/૧૦૧ આર.ગ્રીન ફ્લેટ આઇ.ટી.આઇ. પાછળ "જી" વોર્ડ કુબેરનગર અમદાવાદ શહેર +૬=૭ .ઇસમો જુગાર રમતા પકડાઇ જતા તેઓની અંગ જડતીના નાણા રૂ.૨૬૪૩૦/- તથા દાવના નાણા રૂ.૧૨૮૨૦/- તથા ગંજીપાના નંગ-૫૨, કિ.રૂ.૦૦/૦૦- મળી કુલ્લે રૂ.૩૯૨૫૦/- ની મત્તા સાથે પકડાઇ જતા જુગાર ધારા કલમ ૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી ગણનાપાત્ર કામગીરી કરેલ છે.

---

આજરોજ તા.28/10/17 ના રોજ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સુચનાથી મે. અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર 2 નાઓએ પ્રોહી.જુગારની ડ્રાઇવ આયોજન કરેલ તેઓની સુચના મુજબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન 4 તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જી ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ.શ્રી એચ.બી.ઝાલા ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. એલ.જી.ખરાડી તથા પો.કો. કપિલકુમાર કાન્તિભાઇ બ.નં.9898 તથા પો.કો. કિરપાલસિહ અનવરસિહ બ.ન.8821 તથા પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.5119 તથા ભરતભાઇ ગાંડાભાઇ બ.નં.10173 તથા અન્ય સ્ટાફના માણસો સાથે દારૂજુગારના કેસો શોધવા સારૂ કલાક 16/00 વાગ્યાથી હાંસોલ પો. ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. જે દરમ્યાન કલાક 17/30 વાગે હાંસોલ ગામ ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. કપિલકુમાર કાન્તિભાઇ બ.નં.9898 નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે હાંસોલ ગામ ગરબાવાળા વાસમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક માણસો ગોળકુંડાળુ વળી પાસાના દાણા નાખી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરતા **આરોપી (1) ચંદ્રજી કાળાજી ઠાકોર ઉ.વ.30 રહે. ગરબાવાળો વાસ હાંસોલ ગામ સરદારનગર અમદાવાદ + 8 = 9 નાઓ પકડાઇ ગયેલ છે તેમજ તથા ભાગી જનાર ઇસમ વિનોદ અંબાલાલ ઠાકોર રહે. હાસોલગામ** નાઓ આજરોજ તા.28/10/2017 ના કલાક 18/50 વાગ્યાના સુમારે હાંસોલ ગામ ગરબાવાળો વાસ ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા તથા જુગાર રમવાના પાસાના દાણા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા જુગાર રમવાના પાસાના દાણા નંગ 2 તથા **અંગ જડતીના તથા દાવના નાણા મળી કુલ્લે રૂ.29130/- તથા મોબાઇલ ફોન નંગ 6 મળી કુલ્લે રૂ.53130/ ની** મતા સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય તેઓના વિરુધ્ધ જુગાર ધારા કલમ 12 મુજબ કાયદેસર કાર્યવાહી કરી **જુગારનો ગણનાપાત્ર ગુનો** શોધી પ્રશસનીય કામગીરી કરવામાં આવેલ છે.

## સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક્ટીવા ચોર આરોપીને એક્ટીવાની કિં.રૂ.૫૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી સરદારનગર પોલીસ સ્ટેશન ના ગુનાનો ભેદ ઉકેલતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી તથા અધીક પોલીસ કમી શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "જી" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા આજુબાજુના પો. સ્ટે.વિસ્તારમાં બનતા મીલકત સબંધી ગુના અટકાવવા તેમજ શોધી કાઢવા મેઘાણીનગર પોલીસ સ્ટેશન **પોલીસ ઇન્સપેકટર શ્રી એ.ડી.ગોહીલ** સાહેબનાઓની સુચના મુજબ **સર્વેલન્સ પો.સ.ઇ શ્રી વી.એસ.સિંધવ** તથા હે.કો દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં-૭૬૨૦ તથા **પો.કો હરેશભાઇ જગાભઈ બ.નં-૬૨૦૧** તથા **પો.કો.ગીરીશકુમાર કોદરભાઈ બ.નં-૫૭૪૨** તથા એલ.આર. કીરણસિહ ગોપાલસિહ બ.નં-૧૨૪૩ તથા એલ.આર. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૨૭૩ તથા એલ.આર અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.૪૩૪૮ નાઓએ સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ નીચે મુજબનો ગુનો શોધી કાઢી નીચે મુજબની સફળ અને પ્રશંસનીય કામગીરી શોધેલ છે.

મેઘાણીનગર પોલીસ સ્ટેશન જા.જોગ.નં.૯૪/૧૭ સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબના કામના આરોપી અજય કાલીચરણ કુશવાહ ઉ.વ.૨૫ રહે.રબારીવાસ જોગણીમાતાના મંદિર પાસે બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર નાને પોતાના કબ્જામાંથી એક ગ્રે કલરના નંબર પ્લેટ વાળા એક્ટીવાની કિં.રૂ.૫૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી સરદારનગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં-૩૨૨/૧૭ ઈપીકો કલમ.૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી સફળ અને પ્રશંસનીય કામગીરી કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશનના પોલીસ જવાનોએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તરના રહીશોને સુરક્ષા તથા શાંતિનો અહેસાસ કરાવેલ છે.

---

## એકટીવા ચોરી કરતા ઇસમને પકડી કિરુ ૩૫૦૦૦/૦૦ ના એકટીવા કબ્જે કરી ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

**ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ સિનિ.પોલીસ ઇંસ્પેકટર શ્રી કે.એસ.દવે સા નાઓએ હાલમાં આવતી આગામી વિધાનસભાની ચુંટણી અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટે સુચના કરેલ હોય જે આધારે અમો સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ૨૧/૦૦ વાગે તક્ષશિલા સ્કુલ સામે રોડ પર આવતા સાથેના પોકો હરેશભાઇ જેઠાભાઇ બનં ૩૫૭૭ તથા પોકો ભરતભાઇ મનુભાઇ બનં ૫૫૫૨ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં ૨૪૭/૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી આરોપી લાલાભાઇ સન/ઓફ પ્રહલાદભાઇ જાતે પટણી ઉવ ૧૯ રહેવાસી તક્ષશિલા સ્કુલ સામે છાપરામાં ઓઢવ રોડ અમદાવાદ શહેર મુ વતન મોતીશા વાસ પાટણ જીલ્લો પાટણ નાની પાસેથી ચોરીમાં ગયેલ એકટીવા જેની કિરુ ૩૫૦૦૦/૦૦ ગણી આરોપીને તા.૨૮/૧૦/૧૭ ના કલાક ૨૨/૧૦ વાગે પકડી અટક કરી વધુ તપાસ હાથ ધરેલ છે.**

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.